# AI મેનેજરનો યુગ આવી પહોંચ્યો: વર્ક કલ્ચર બદલાઈ જશે

**અમેરિકામાં AI દ્વારા મેનેજ કરવામાં આવી રહેલા એક પ્રાયોગિક સ્ટોરમાં AI મેનેજરે એક કર્મચારીને હટાવવાની ભલામણ કરી હતી! આ કિસ્સો આખી દુનિયામાં ચર્ચામાં છે**

**ટેક-ટોક**

★ આનંદ ગાંધી

AI નો યુગ કેવો હશે? કોઈ કહે છે કે AI માણસને રિપ્લેસ નહીં કરે પણ માણસને મદદ કરશે. કોઈ કહે છે AI કામ કરશે માણસો બેસીને આરામ કરશે. શ્રેષ્ઠ વિચારો કરશે ઉત્તમ સર્જન કરશે. માનવજાત માટે એ શ્રેષ્ઠ સમય હશે. કોઈ કહે છે AI માણસોનું બધું જ કામ છીનવી લઈને અંધાધુંધી સર્જી નાખશે. માણસો ચારે બાજુ આંદોલન કરતા હશે. માલિકો AI પાસે કામ કરીને હ્યુમન રાઈટ્સને નેવે મૂકી દેશે. કોઈ કહે છે AI માણસ પાસેથી કામ લેશે. માણસો કર્મચારી હશે અને AI બોસ બની જશે. AIના ઈશારે કામ કરશે એ જ માણસની નોકરી સલામત રહેશે.

આમાંથી શું માનવું અને શું ન માનવું એ અત્યારે કહી શકાતું નથી. કારણ કે AI પર સતત સંશોધનો થઈ રહ્યા છે. AI કેટલી ક્ષમતા સાબિત કરશે અને ક્યારે માણસથી આગળ વધી જશે તે કહી શકાતું નથી. માણસ કઈ બાબતમાં AIને ટક્કર આપશે ને સર્વોપરિતા સિદ્ધ કરશે એ પણ અત્યારે કહેવું મુશ્કેલ બન્યું છે.

કલ્પના કરો કે AI માણસના બોસ બની જશે તો શું થશે? એવો જ એક કિસ્સો સામે આવ્યો છે.






અમેરિકામાં AI દ્વારા મેનેજ કરવામાં આવી રહેલા એક પ્રાયોગિક સ્ટોરમાં AI મેનેજરે એક કર્મચારીને હટાવવાની ભલામણ કરી હતી! આ કિસ્સો આખી દુનિયામાં ચર્ચામાં છે.

કર્મચારી પોતાની 23માંથી 17 શિફ્ટમાં મોડો પહોંચ્યો હતો. એના અનિયમિત થવાના કારણને આગળ ધરીને AI મેનેજરે તેને નોકરીમાંથી કાઢી મૂકવાનો આદેશ આપ્યો હતો. કંપનીના હ્યુમન સ્ટાફે એ આદેશ માન્ય રાખ્યો એટલે દુનિયામાં પહેલીવાર AI બોસે હ્યુમન કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યો હોય એવો બનાવ બન્યો છે.

આ પ્રયોગ એન્ડોન લેબ્સ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. તેમના સ્ટોર એન્ડોન માર્કેટનું મેનેજમેન્ટ લૂના નામનો AI એજન્ટ કરી રહ્યો છે. કંપનીનો હેતુ એ તપાસવાનો છે કે એઆઈને બિઝનેસ ચલાવવાની અને હ્યુમન ક ર્મચારીઓને મેનેજ કરવાની જવાબદારી સોંપવામાં આવે તો તે કેવી રીતે કામ કરે છે?

લૂ ના એન્થ્રોપિકના ક્લોડ એઆઈના ઓપસ 4.8ની મદદથી કામ કરી રહ્યો છે. લૂના દુકાન માટે વિવિધ વસ્તુઓ પસંદ કરવા ઉપરાંત કિંમતો અને વર્ક ટાઈમ, નોકરી માટે કર્મચારીઓ શોધવા જેવી કામગીરી કરે છે. આ સ્ટોરમાં બુક્સ, આર્ટવર્ક, ગેમ્સ અને બ્રેન્ડેડ વસ્તુઓ વેચાય છે. લૂનાએ કર્મચારીઓ માટે નિયમો બનાવ્યા હતા. નિયમોનું પાલન ન કરાતા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

અગાઉ OpenAIના સ્થાપક સેમ ઓલ્ટમેન એકથી વધુ વખત કહી ચૂક્યા છે કે ભવિષ્યમાં AI એજન્ટ ન માત્ર સાધારણ કામ કરશે પણ ખરેખર તો કંપની ચલાવવા જેવા કામો પણ કરશે.

AI એજન્ટ કંપનીના મેનેજર બનવા સુધી તો ઠીક કંપનીના CEO કે કંપનીના ડિરેક્ટર બનીને પણ કામ કરતા હશે એ દિવસ દૂર નથી આવો દાવો સેમ અલ્ટમેન્ટ કરે છે.

તે પ્રોજેક્ટ્સનું સંચાલન, ટાસ્ક ટ્રેકિંગ અને પ્રાથમિકતાઓ નક્કી કરવામાં માણસોને મદદ કરી શકશે. ચેટજીપીટી ક્રિએટિવ OpenAIના CEO સેમ તો ત્યાં સુધી કહે છે કે ભવિષ્યમાં કંપનીઓ વન-પર્સન યુનિકોર્ન બનશે. એટલે કે એક જ વ્યક્તિ કર્મચારીઓ વગર અબજ ડૉલરની કંપની બનાવી લેશે.

તેમાં AI એજન્ટ્સ પ્રોડક્ટ મેનેજમેન્ટ, માર્કેટિંગ, કોડિંગ અને ઓપરેશન્સ જેવી આખી ટીમોની જેમ કામ કરશે. AI એજન્ટ જ કર્મચારીઓ હશે ને AI એજન્ટ જ એના બોસ હશે.

સેમ ઓલ્ટમેનની જેમ બીજા ટેકનોલોજી એક્સપર્ટ પણ આવી વાતો કરી રહ્યા છે ને એ સાચું પડવાનું હોય તેમ AI બોસે કર્મચારીને કાઢી મૂક્યો હોવાની ઘટના બની છે.

---

**કેફિયત**

★ હનીફ મહેરી

## જી ઢૂંડતા હૈ ફિર વહી ફુર્સત કે રાત દિન
## બૈઠે રહેં તસવ્વુરે-જાનાં કિયે હુએ

**- મિરઝા ગ઼ાલિબ**

મન શોધી રહ્યું છે ફરી એજ નિરાંતના રાત-દિવસ, બેસી રહીએ પ્રિયજનની કલ્પના કરીને. આવી નિરાંત(ફુર્સત)ની પળ શોધવી મુશ્કેલ છે. છતાં મન એવી ઈચ્છા કરે છે કે ફરીથી એવી પળ મળે જેમાં પ્રિયજનની ધારણા (તસવ્વુરે-જાનાં) કરીને તેની યાદમાં રાત-દિવસ બસ આમજ બેસી રહીએ. ગુલઝારની મૌસમ ફિલ્મમાં આ શેર લેવાયો હતો. આ ખૂબ જાણીતો શેર છે. માણસ જીવે ત્યાં સુધી દોડતો રહે છે. તેના જીવનમાં ક્યારે પણ નિરાંત હોતી નથી. શાંતિથી બે ઘડી બેસીને પોતાના કોઈ પ્રિયજનને યાદ કરી શકે કે તેનું સ્મરણ કરી શકે તેટલી ફુરસદ પણ મળતી નથી. પરંતુ વિચાર કરો કે જો મનને એવી નિરાંત કે નવરાશની પળ મળે કે જયારે દિવસ-રાત સુધી બસ પ્રિયજનની ધારણા કે તેના સ્મરણમાં સમય પસાર થાય. તમારા હૃદયની લાગણી એવી હોય કે તમારા પ્રિયજનના વિચારમાં આવો નવરાશનો સમય પસાર કરવા મળે. આવો સમય એટલે કોઈ કવિ તેની કવિતા લખતો હોય ત્યારે આવો ખાલી સમય તેને મળતો હોય છે. કવિતા માટે સ્ફુરણા થાય અને ઊર્મિઓ ચારેતરફ ફરી વળે ત્યારે આવો સમય મળતો હોય છે. તમારા જીવનમાં કોઈ વિચાર તમને પ્રભાવિત કરે અને જીવન બદલાઈ જાય ત્યારે આવો ફુરસદનો સમય મળતો હોય છે. જ્યાં હૃદયના ધબકારા તમને સંભળાવા લાગે. જ્યાં સત્યની અનુભૂતિ તમને થવા લાગે. જીવનમાં આવા સમયમાં જ તમે સર્જન કરી શકો. જીવનને સાર્થક કરી શકો. એમ કહું તો પણ ખોટું નથી કે તમારા જીવનમાં આવો સમય આવે ત્યાંથી જ તમારું જીવન ખરેખર બદલાઈ જાય. આવી ક્ષણો વારંવાર આવતી નથી. આવી ક્ષણને પારખવાની જરૂર હોય છે. આવી ક્ષણ તમારા જીવનને બદલી નાંખે છે. આવા સમયે જ આપણી જાત સાથે સંવાદ કરવાની તક મળે છે. આવા સમયમાં જ માણસ તેનું પોતાનું મૂલ્યાંકન કરે છે.

